eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 238
July 23, 2010

## તાપીમાતા જન્મ જયંતિ



***ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે***

ઉપરોક્ત પંકિત જ તાપી માતાના મહાત્મય અંગે ઘણું બધુ કહી જાય છે. ગંગા નદીમાં સ્નાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તે પુણ્ય માત્ર તાપી માતાનું મનમાં સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## સુરત મહાનગરપાલિકા ધ્વારા રવિવાર, તા.૧૮/૭/૨૦૧૦ ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

શહેરકક્ષાએ વિધાનસભા ક્ષેત્રોમાં શહેરી ગરીબ કલ્યાણ મેળાના આયોજન સંદર્ભમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા રવિવાર, તા. ૧૮/૭/૨૦૧૦ ના રોજ સમસ્ત પાટીદાર ભવન, અંકુર વિદ્યાલયની સામે, આંબાતલાવડી, કતારગામ, સુરત ખાતે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૧૭/૦૭/૨૦૧૦ ના રોજ ગોડાદરા અર્બન હેલ્થ સેન્ટર, સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## અઠવા ઝોનની કામગીરી

અઠવા ઝોન વિસ્તારમાં ઉધના–મગદલ્લા રોડ પર દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી નજીકના વિસ્તારમાં ગુજરાત ગેસ સી.એન.જી. ફીલીંગ સ્ટેશન પાસેના ટી.પી. સ્કીમ નં. ૧ (વેસુ) ના ફા. પ્લોટ નં. ૧૧૭ પર "શિવાલીક હાઈટસ" નામથી ઓળખાતી બિલ્ડીંગ આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી

પ્રિ.ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડીંડોલી) બ્લોક નં.૩૬૨ ફા. પ્લોટ નં. ૩૪ માં ગાયત્રી નગર વિ.૨ તરીકે ઓળખાતી સોસાયટીના સબ પ્લોટ નં. ૨૨ ના મિલ્કતદારશ્રી અચ્છેલાલ ગુપ્તા ધ્વારા ૧૨.૦ મીટર ટી.પી.રસ્તાના માર્જીનના ભાગે ત્રણ દુકાનો બનાવવાના હેતુસર આર.સી.સી. પ્લીન્થ, કોલમ, ચણતરકામ કરી દેવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## તાપીમાતા જન્મ જયંતિ

### ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે



ઉપરોકત પંકિત જ તાપી માતાના મહાત્મય અંગે ઘણું બધુ કહી જાય છે. ગંગા નદીમાં સ્નાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તે પુણ્ય માત્ર તાપી માતાનું મનમાં સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે. તાપી માતા જન્મદિન નિમિત્તે નાનપુરા, નાવડી ઓવારા ખાતે (અષાઢ સુદ સાતમ) તા.૧૭.૭.૨૦૧૦ ને શનિવારે સાંજે ૬.૩૦ કલાકે સુરત શહેરના શ્રેય માટે પૂજા અર્ચનાનો કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સાંસદશ્રી સી.આર.પાટીલ, સાંસદશ્રી(રાજય સભા) પ્રવિણ નાયક, ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા, શાસકપક્ષ નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શહેરીજનો વિગેરે મોટી સંખ્યામાં હાજર રહયા હતા. અને તાપી નદીમાં દીપ પ્રગટાવી પૂજા અર્ચના કરી હતી. અને શહેર માટે મંગલદાયી ભવિષ્યની વાંચ્છના કરી હતી. વધુમાં તાપી શુધ્ધીકરણના અભિયાનના ભાગ રૂપે સુરત મહાનગરપાલિકાએ તા.૬.૬.૨૦૧૦ થી તા.૨૬.૬.૨૦૧૦ દરમ્યાન દર રવિવારે શહેરના વિવિધ ઓવારાઓની સાફ–સફાઈનું આયોજન શહેરની વિવિધ સ્વૈચ્છિક/સેવાભાવી સંસ્થાઓના સહયોગમાં રહી કરવામાં આવ્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા રવિવાર, તા.૧૮/૭/૨૦૧૦ ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

શહેરકક્ષાએ વિધાનસભા ક્ષેત્રોમાં શહેરી ગરીબ કલ્યાણ મેળાના આયોજન સંદર્ભમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા રવિવાર, તા. ૧૮/૭/૨૦૧૦ ના રોજ સમસ્ત પાટીદાર ભવન, અંકુર વિદ્યાલયની સામે, આંબાતલાવડી, કતારગામ, સુરત ખાતે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સાંસ્કૃતિક કાર્યક્રમોથી કરવામાં આવી હતી. ત્યારબાદ મહાનુભાવો ધ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યુ હતું.





માનનીય ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણીએ સૌ મહાનુભાવોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્નને સાકાર કરવા માટે મા. મુખ્યમંત્રીશ્રીની આગેવાની હેઠળ ગરીબી સામે જંગ છેડયો છે. આ મેળાનો ઉદેશ્ય ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં રહેતા ગરીબો માટે વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત સહાય આપવાનો છે. જેના સંદર્ભમાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવી રહયું છે. સરકારે છેલ્લા ૨ માસમાં ૫૦ જેટલા ગરીબ કલ્યાણમેળાનું આયોજન કરેલ છે.

ત્યારબાદ સૌ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવિધ સહાયકારી યોજનાઓ અંતર્ગત સહાય મેળવનારા લાભાર્થીઓએ તેમના પ્રતિભાવો રજુ કર્યા હતા.

મા.સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે આ ગરીબ કલ્યાણ મેળો લાભાર્થીઓને યોજનાઓનો સીધો લાભ આપવા માટે યોજવામાં આવેલ છે. સૌના સામુહિક પ્રયત્નોના કારણે આ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન થયું છે. સરકાર હંમેશા ગરીબો સાથે છે. અને વિવિધ સહાયકારી યોજનાઓ અંતર્ગત વધુમાં વધુ લાભાર્થીઓને આ યોજનાઓનો લાભ મળી રહે તે માટે હંમેશા પ્રયત્નશીલ છે.

મા.સાંસદશ્રી ભરતસિંહ પરમારે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૫૦ જેટલા ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મોટા પ્રમાણમાં લાભાર્થીઓએ આ ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત વિવિધ સહાયકારી યોજનાઓ અન્વયે સહાય મેળવી છે. ગરીબોનું ઉત્થાન થાય એવી પંડિત દિનદયાળની ખેવના હતી. તે મુજબ જ સરકાર ગરીબોના ઉત્થાન માટે વિવિધ યોજનાઓ રજુ કરી રહી છે. ગરીબોને આ યોજનાઓનો સીધો લાભ આપવાનું સ્વપ્ન આજે સિધ્ધ થઈ રહયું છે. ગુજરાતને વિશ્વનું ઔદ્યોગિક હબ બનાવવાનું અમારું સ્વપ્ન છે. ગુજરાતના સમતોલ વિકાસના સંદર્ભમાં આ પ્રકારના ગરીબ કલ્યાણમેળાઓનું આયોજન કરવામાં આવી રહયું છે.

**Continue …**

મા.શિક્ષણમંત્રીશ્રી રમણભાઈ વોરાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે મા. મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં ગુજરાતે ઘણો વિકાસ કર્યો છે. આખા ગુજરાતનાં ગરીબોને સૌથી વધુ આવાસો સુરત મહાનગરપાલિકાએ ફાળવેલ છે. ઉત્તમ કામગીરી માટે સુરત મહાનગરપાલિકાને પાંચ એવોર્ડો પ્રાપ્ત થયા છે. જે તેનો વિકાસ દર્શાવે છે. આપણી કલ્પનાના ગુજરાતનું સર્જન કરવા માટે છેવાડાનો માનવી પણ આપણી સાથે ઉભો રહી શકે તેવા પ્રયત્નો કરવાની જરૂર છે. ગુજરાત સરકારનો વહીવટ પારદર્શક છે. કોઈ પણ વચેટીયાની ગેરહાજરીમાં લાભાર્થીઓને સીધો લાભ આપવાની સરકારની નેમ છે. મુખ્યમંત્રીશ્રી ગરીબોના કલ્યાણ માટે પુરેપુરા પ્રયત્નશીલ છે. અને તે માટે અનેકવિધ યોજનાઓ ગરીબો માટે રજુ કરેલ છે. યોજનાઓના અમલીકરણમાં થતો ભ્રષ્ટાચાર રોકવા વચેટીયાની ભૂમિકા દૂર કરવા આ પ્રકારના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવી રહયું છે. જેનાથી યોજનાઓનો લાભ સીધો લાભાર્થીઓને મળી શકે. ભવિષ્યમાં ૩૦૦ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ ધ્વારા વિવિધ સહાયકારી યોજનાઓ અંતર્ગત રૂા.૩૫૦૦ કરોડની સહાય ગરીબોને હાથો હાથ પહોંચાડવાનું સરકારનું આયોજન છે.

ત્યારબાદ મહાનુભાવો ધ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત જેવી કે જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ,જિલ્લા પછાત વર્ગ અધિકારીશ્રી, નાયબ નિયામકશ્રી(વિકસતી જાતિ),ઈન્દિરા ગાંધી વૃધ્ધ સહાય યોજના,નિરાધાર વૃધ્ધ સહાય યોજના,સંકટ મોચન યોજના,માનવ ગરીમા યોજના,વાજપેઈ બેંકેબલ યોજના(લોન મંજુરી), માનવ કલ્યાણ યોજના,પી.એમ.ઈ.જી.પી.,વજનકાંટા વિતરણ,કેટરીંગ સામગ્રી વિતરણ,રોડ સાઈટના સ્ટોલ,ઈ.ડબલ્યુ.એસ.આવાસ યોજના,એસ.જે.એસ.આર.વાય.,ઉમ્મીદ,જનની સુરક્ષા,દિકરી યોજના,બાલસખા યોજના,ચિરંજીવી યોજના,બાલિકા સમૃધ્ધિ યોજના,શૈક્ષણિક લોન સહાય,ડી.આર.આઈ.સ્કીમ(૪ % વ્યાજની લોન), કિસાન ક્રેડીટ કાર્ડ,મેયર્સ ફંડ,સફાઈ કામદારના બાળકોને નોટબુક વિતરણની કલ્યાણ કારી યોજનાઓ અંતર્ગત કુલ ૨૪૬૫ લાભાર્થીઓને સાધન/કીટ, નાણાકીય સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતમાં મા.ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર) ધ્વારા સૌએ આપેલ સહકાર બદલ સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મા.શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજય શ્રી રમણભાઈ વોરા, મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.સંસદીય સચિવશ્રી ઈશ્વરસિંહ પટેલ, મા.સાંસદશ્રી પ્રવિણ નાયક, મા.સાંસદશ્રી ભરતસિંહ પરમાર,મા.સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોષ, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા.ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, મા.સુરત શહેર ભાજપ પ્રમુખ શ્રી પુર્ણેશભાઈ મોદી, મા.ઉપપ્રમુખશ્રી પ્રદેશ ભાજપ શ્રીમતી સુષ્માબેન અગ્રવાલ,મા.ઉપપ્રમુખશ્રી પ્રદેશ ભાજપ શ્રી અજયભાઈ ચોકસી, શ્રીમતી સીતાબેન નાયક, મા.ચેરપર્સન, ગુજરાત રાજય મહિલા આર્થિક વિકાસ નિગમ, શ્રી મનુભાઈ ચાવડા,મા.ઉપાધ્યાક્ષ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, શ્રી સુફી સંત મહેબુબઅલી બાબા સાહેબ,મા.પ્રમુખશ્રી, લઘુમતી મોરચો, મા.ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), મા.કમિશ્નરશ્રી એસ.અપર્ણા,મા.કલેકટરશ્રી એ.જે.શાહ, મા. નેતાશ્રી શાસકપક્ષ ભીમજીભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ સહિત શહેરની અંદાજિત ૪૦૦૦ જેટલી જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૧૭/૦૭/૨૦૧૦ ના રોજ ગોડાદરા અર્બન હેલ્થ સેન્ટર, સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ,આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્મીતાબેન પટેલ, રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ શ્રી સતિષભાઈ પટેલ, મ્યુનિ.કમિશનર કુ.એસ.અપર્ણા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે. કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ, લિંબાયત ઝોનના ઝોનલ ચીફશ્રી વી.ડી.પટેલ, ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એ.હરપ્લાની, નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.કે.નિગમ / ડો.કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત,ગોડાદરા શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/ કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે, ''સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ રહે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે. '' આવા કેમ્પો દ્વારા ગરીબ / મધ્યમ વર્ગના લોકોને ઘર આંગણે સુવિધા મળી રહે તે તેનો હેતુ છે.જેમા જુદા જુદા રોગના તજજ્ઞો દ્વારા નિદાન કરી વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે તથા જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામા આવે છે. કેમ્પના સ્થળે આરોગ્ય વિભાગના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય / પાણી સંલગ્ન રોગ, સ્વાઈન ફલુ તથા અન્ય રોગ વિષેની જાણકારી આપવામાં આવે છે. જેથી સ્થાનિક રહીશોને જાણકારી મેળવવા સૂચન કર્યુ હતુ.

મ્યુ.કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય/ પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે. ખાસ નાના બાળકોમાં તાવ, શરદી, ખાંસી વિગેરે રોગના લક્ષણો વધુ જોવા મળે છે જેથી આવા રોગોને પ્રાથમિક તબકકામાં સારવાર આપી અટકાવવા પ્રયત્ન કરવા જોઈએ. અત્રે યોજવામાં આવેલ કેમ્પમાં સ્મીમેરના જુદા જુદા રોગના નિષ્ણાંત મારફતે નિદાન કરી સારવાર આપવામાં આવે છે. જેનો લાભ લેવા તથા યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની સમજ મેળવી તેનો અમલ નાગરિકો કરશે તો રોગચાળાનું પ્રમાણ ઘટાડી શકાશે તેમ જણાવ્યુ હતુ. શહેરની સ્વચ્છતા તથા સુખાકારી માટે મહાનગરપાલિકા જાગૃત છે જે બદલ આરોગ્ય વિભાગની કામગીરી બીરદાવી આરોગ્ય વિભાગને સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

**Continue …**

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે, સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુખાકારી માટે જાગૃત છે જેથી ઘરઆંગણે આવા કેમ્પો રાખી વિના મૂલ્યે નિષ્ણાંત ડોકટરો મારફતે નિદાન કરી સારવાર આપવામાં આવે છે જેનો લાભ લેવા જણાવ્યું હતું. સ્થાનિક રહીશોને પ્રદર્શન નિહાળી જાણકારી મેળવી રોગ ન થાય તે અંગે કાળજી રાખવા અનુરોધ કર્યો હતો. સ્વર્ણિમ જયંતિ વર્ષની ઉજવણી થઈ રહી છે તે દરમ્યાન શહેરનો ખુબ વિકાસ થયો છે આરોગ્ય તંત્ર તરફથી સરાહનીય કામગીરી થઈ છે જે બદલ અભિનંદન આપ્યા હતા તથા સુરત શહેરને પ્રથમ નંબરનો દરજજો મળે તેવા પ્રયત્ન કરવા સહકાર આપવા અનુરોધ કર્યો હતો. સુરત શહેરના નાગરીકોને ભેગા થઈને ખુલ્લી જગ્યામાં વૃક્ષ વાવવા અનુરોધ કર્યો હતો. સુરતના યુવકો–યુવતિઓ દ્વારા સુવર્ણ જયંતિ વર્ષમાં જનસેવા માટે વર્ષ દરમ્યાન ૧૦૦ કલાકનો સમયદાન કાર્યક્રમ અંતર્ગત ફાળો આપવાનો સંકલ્પ અને ક્રિયાશીલતા અંગે જાણકારી આપી હતી.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પનો ગોડાદરા તથા આજુ બાજુ વિસ્તારના ૫૬૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૭૫ ચામડીના નિષ્ણાત દ્વારા ૫૬,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૬૭,બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૫૨, ફિઝીશયન દ્વારા ૧૫૮, સર્જન દ્વારા ૫૩, લેબ.ટેકનીશીયન દ્વારા ૨૬ તાવના દર્દીઓના નમુના લેવામાં આવ્યા હતા ૯૦ ઓ.આર.એસ.પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ ૮૬ દર્દીઓને વિશેષ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૨૨૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૭, ૬૫૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૪૫ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૬૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર,આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ.દેસાઈના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## અઠવા ઝોનની કામગીરી

અઠવા ઝોન વિસ્તારમાં ઉધના–મગદલ્લા રોડ પર દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી નજીકના વિસ્તારમાં ગુજરાત ગેસ સી.એન.જી. ફીલીંગ સ્ટેશન પાસેના ટી.પી. સ્કીમ નં. ૧ (વેસુ) ના ફા. પ્લોટ નં. ૧૧૭ પર "શિવાલીક હાઈટસ" નામથી ઓળખાતી બિલ્ડીંગ આવેલ છે.

આ હાઈરાઈઝ બિલ્ડીંગના પહેલા માળ પર મેઈનરોડ તરફના ભાગમાં ૪ રેસીડેન્શીયલ ફલેટ મંજુર થયા હતા પરંતુ તેમાં હેતુફેર /આંતરીક ફેરફારો કરીને ફલેટોની જગ્યાઓ ૧૦ દુકાનો બનાવવામાં આવેલ જે મંજુર પ્લાન વિરુધ્ધ તથા નિયમબધ્ધ થઈ શકે તેમ ન હોવાથી હેતુફેર બાબતે નોટીસ આપીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

આજરોજ સદર ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરીને ૧૦ દુકાનોની આશરે ૪૦૦૦ ચો.ફુટ વિસ્તારમાં આંતરિક દિવાલો તથા દુકાનોની શટરો દુર કરીને દુકાનોનું બાંધકામ દુર કરીને તે ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે.

વધુમાં બિલ્ડીંગના ટેરેસ પર ચણતરની દિવાલો તથા પતરાનું બાંધકામ કરી જીમ/હેલ્થ સેન્ટરના હેતુફેર બાંધકામ કરવામાં આવેલ જે ટેરેસ પરનું ગેરકાયદેસર બાંધકામ પણ દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી મધયસ્થ શહેર વિકાસ ખાતા ધ્વારા અઠવા ઝોન, ઉધના ઝોન તથા વર્કશોપના સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી

પ્રિ.ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડીંડોલી) બ્લોક નં.૩૬૨ ફા. પ્લોટ નં. ૩૪ માં ગાયત્રી નગર વિ.૨ તરીકે ઓળખાતી સોસાયટીના સબ પ્લોટ નં. ૨૨ ના મિલ્કતદારશ્રી અચ્છેલાલ ગુપ્તા ધ્વારા ૧૨.૦ મીટર ટી.પી.રસ્તાના માર્જીનના ભાગે ત્રણ દુકાનો બનાવવાના હેતુસર આર.સી.સી. પ્લીન્થ, કોલમ, ચણતરકામ કરી દેવામાં આવેલ. આ આખું બાંધકામ આજ તા.૧૯/૦૭/૧૦ ના રોજ મહાનગરપાલિકાના સીકયુરીટી સ્ટાફને સાથે રાખી જે.સી.બી. મશીન વડે દૂર કરી દેવામાં આવેલ છે.

પ્રિ.ટી.પી. સ્કીમ નં.૪૧(ડીંડોલી) બ્લોક નં. ૩૩૮ પૈકી ગાર્ડન તેમજ ઓપન સ્પેસની રીઝર્વેશનના હેતુસરની જગ્યામાં આવેલ ઠાકુરનગરના સબ પ્લોટ નં ૪૬ ના મિલ્કતદાર પ્રેમશંકર દૂબે ઉર્ફે ગોલી ધ્વારા ૧૨'×૨૫' ના માપમાં આર.સી.સી. ચણતર, પ્લાસ્ટર સાથે બાંધકામ કરવામાં આવેલ. આ બાંધકામ અટકાવવા અત્રેથી વારંવારની સુચના આપવામાં આવેલ, વળી ઈલે. મોટર સહીતના માલસામાન જપ્ત કરવાની કામગીરી છતાં બાંધકામ ચાલુ રાખતા આજ તા. ૧૯–૦૭–૨૦૧૦ ના રોજ સુરત મહાનગરપાલિકાના સીકયુરીટી સ્ટાફને સાથે રાખી બાંધકામ દૂર કરવાની કામગીરી દરમ્યાન આજુબાજુના રહીશો ધ્વારા બાંધકામ રોકવા ઉગ્ર રજુઆત કરતાં પોલીસની મદદ લઈ બાંધકામનું ચણતર વિગેરે દુર કરવામાં આવેલ છે.

TOP